# નોતરું

(સરળ ગુજરાતી લગ્નવિધિ)



લગ્નસમયે આ પુસ્તિકા સાથે રાખશો તો સહગાનમાં ભળી શકશો.



# નોતરું



**(સરળ ગુજરાતી લગ્નવિધિ)**


**સંકલન**

**જગદીશ શાહ**


☆ ☆ ☆

**મુખપૃષ્ઠ : કુમારસંભવમ્   ચિત્રકાર : શ્રી. દિનેશ શાહ**

શિવ–પાર્વતીનો વિવાહ આદર્શ વિવાહ ગણાય છે. પાર્વતી જેવો વિવાહ જેણે કરવો હોય તેણે શિવજી જેવા નિર્વિકારીનું ચિંતવન કરવું જોઈએ. એવી રેખા ફક્ત પાર્વતીના હાથમાં જ હતી તેવું નથી. સ્ત્રીના હાથની અંદર એ રેખા છે જ.

**– મહાત્મા ગાંધી**

વિવાહ એટલે શિવ–શક્તિનો સંયોગ. જીવનની પ્રેરણાને પુરાણકારોએ શક્તિ તરીકે ઓળખાવી છે. જીવનના સંકલ્પને શિવ તરીકે વર્ણવ્યો છે. નર અને નારી જ્યાં સુધી એકાકી છે, ત્યાં સુધી અપૂર્ણ છે. પોતાના જીવનમાં બંને તત્ત્વોને તેઓ ઓતપ્રોત કરશે. ત્યારે તેઓ સંપૂર્ણ થશે. શિવ–શક્તિરૂપી પરમેશ્વરનો વરદ હસ્ત એ વૈવાહિક જીવનને અભયદાન આપે છે.

**– કાકાસાહેબ કાલેલકર**

# લગ્નવિધિ સમયે જરૂરી સામગ્રી

૧. વેદી ૧૬"x ૧૬" સમચોરસ અને ૧૩" ઊંડી. ઇંટોથી ચણવી અથવા પતરાંની તૈયાર મેળવવી અથવા હાથા વગરની પેણી વાપરી શકાય.
૨. છાણાં, લાકડાં, દીવાસળીની પેટી.
૩. આસનપટ્ટા નંગ ચાર.
૪. પાણીનો લોટો, આચમની કે ચમચી નંગ બે, તરભાણું કે નાની થાળી નંગ બે.
૫. નેપકિન નંગ બે.
૬. નાડાછડી પરોવેલાં મીંઢળ નંગ બે.
૭. ૨૫૦ ગ્રામ ગરમ કરેલું શુદ્ધ ઘી, દીવો, ચમચી.
૮. કંકુ, ચોખા.
૯. માળાઓ (ફૂલની કે સૂતરની) નંગ બે.
૧૦. વસ્ત્રદાન માટે એક-એક જોડ કપડાં-વર અને કન્યા માટેનાં.
૧૧. મધુપર્ક (દહીં-ઘી-પાણી-મધ અને ખાંડ) ની બે વાડકીઓ કે નાના પ્યાલાઓ.

## બેઠક વ્યવસ્થા

૧. વર-કન્યા પૂર્વાભિમુખ
૨. ઉદ્‌ઘોષક કે પુરોહિત દક્ષિણાભિમુખ
૩. કન્યાનાં માતાપિતા પશ્ચિમાભિમુખ
૪. વરનાં માતાપિતા ઉત્તરાભિમુખ



# વિધિ-ક્રમ

**પ્રારંભિક વિધિ**
**(ઘરે અથવા વાડીએ)**

૧) મંડપમુહૂર્ત
૨) ગણેશ-સ્થાપના
૩) માળામંડપ

**વાડીએ પ્રવેશતાં**

૧) સામૈયું (સાળી)
૨) પોંખવાની વિધિ (સાસુજી)
૩) કન્યા દ્વારા વરમાળા

**લગ્નમંડપમાં**

૧) વરનું આસનગ્રહણ
૨) ગણપતિવંદના
૩) સર્વધર્મપ્રાર્થના
૪) મંગલાષ્ટક-ગાન અને કન્યાનું આગમન
૫) વર-કન્યાનું માળા પહેરાવવું
૬) અગ્નિનું પ્રાકટ્ય
૭) મધુપર્કની આપ-લે
૮) માતાપિતાની મંગલભાવના
૯) ગ્રંથિબંધન
૧૦) હસ્તમેળાપ
૧૧) કન્યાદાન (વિકલ્પે વસ્ત્રદાન) વરકન્યાને અક્ષતથી વધાવવાં
૧૨) લગ્ન-ભાવના (દરેક શ્લોકને અંતે વરકન્યા દ્વારા આહુતિ) (લાજાહોમ)
૧૩) જીવનવ્રતની પ્રાર્થના
૧૪) સપ્તપદી
૧૫) વસિષ્ઠ-અરુંધતી-દર્શન
૧૬) મંગલધૂન
૧૭) શાંતિમંત્ર
૧૮) લગ્નવિધિની સમાપ્તિ
૧૯) વડીલોના આશીર્વાદ
૨૦) કન્યા વિદાય

**ઘરે પાછા ફરીને**

૧) પોંખવાની વિધિ
૨) એકી-બેકી રમાડવાં

# પ્રસ્તાવના

આ સૃષ્ટિમાં અવતરવું ને વિદાય થવું તો પરમાત્માના હાથમાં છે. પણ તે બેની વચ્ચેના અનેક સંસ્કારો પૈકી લગ્ન-સંસ્કાર એ માનવજીવનને વળાંક આપતો અતિ મહત્ત્વનો પ્રસંગ છે. લગ્ન એટલે બે વ્યક્તિનું જ નહીં; બે પરિવારોનું જોડાણ, બે સમાજોનો સમન્વય. વ્યાપકતા તરફ વધવાનો તેમાં સંકેત છે. હું માંથી અમે ને અમે-માંથી આપણે થવાનો, વિશ્વકુટુંબ કરવાની દિશામાં પગલું માંડવાનો આ સંસ્કાર છે. પરંતુ આજે પહેરવું-ઓઢવું, ખાવું-પીવું ને મહાલવું તથા નાણાં ને ચીજ-વસ્તુઓની લેવડદેવડ ને પ્રદર્શનમાં આ સંસ્કારની પવિત્રતા ને ગંભીરતા આપણો સમાજ ખોઈ બેઠો હોય તેમ લાગે છે.

શ્રીમંત વર્ગ ને તેની પાછળ મધ્યમ વર્ગ અને હવે તો શ્રમજીવી વર્ગ પણ ધીમે ધીમે લગ્નમાં ખોટા ખર્ચમાં તણાવા માંડ્યો છે. આજે સમાજમાં મોટા ભાગનાં લગ્નોમાં વેવાઈઓ વચ્ચે નાણાં-દાગીના-કપડાં-ચીજવસ્તુઓની આપલેના સોદા થાય છે. વાડીઓ અને મેરેજ હોલ માટે પડાપડી થાય છે. મુહૂર્ત જોવામાં, વિધિ કરાવવામાં બ્રાહ્મણો અનિવાર્ય ગણાય છે. **સંસ્કૃતમાં બોલાતા શ્લોકોનો ભાવાર્થ કે શબ્દાર્થ કે તેનો ધ્વનિ સુધ્ધાં પરણનારા કે હાજર રહેનારા સમજતા નથી. બ્રાહ્મણો પૈકીના યે કરાવાતી ક્રિયાઓ પાછળનું માહાત્મ્ય સમજતા હશે કે કેમ તે પ્રશ્ન થાય છે.** નારીવૃંદ લગ્નગીતો ને એકબીજાને ઉતારી પાડતાં ફટાણાંમાં મસ્ત હોય છે. તેમને માટે તો ઉત્તમોત્તમ વસ્ત્રો-આભૂષણો પહેરવાનું, દેહને શણગારવાનું આ ટાણું બની જાય છે. લાઉડ-સ્પીકર ઉપર બરાડા પાડતાં ફિલ્મી ગીતો, વીજળીની રોશની ને દારૂખાનું, તેમાં ફોટા ને વીડિઓ તરફ જાગ્રત નવદંપતી ! આ બધાંમાં બ્રાહ્મણોની વિધિને કોણ સાંભળે ? ક્યારેક તો 'ગોર ઉતાવળ કરો' એવી સૂચના પણ અપાતી સંભળાય છે. વિધિ શરૂ થઈ ન થઈ કે તરત 'જમવા ચાલો' ની હાકલ થાય

છે ને નાનાં-મોટાં સૌ પોતાની ખુરશી કે થાળી સંભાળવા પડાપડી કરવા માંડે છે. ભોજનમાંયે સ્વાદને જ મહત્ત્વ અપાય છે. ખાંડ, મરચું, મસાલા, વેજીટેબલ ઘી ને ભરપૂર તેલમાં તળેલી વાનગીઓથી થાળી ભરાઈ જાય છે. જીભને ચટાકો કરાવી પેટમાં જઈ આવાં ભોજનો રમખાણ મચાવે છે ને સ્વાસ્થ્યને બગાડે છે.

આજે સૌ પોતપોતામાં વ્યસ્ત ને મસ્ત છે. લગ્ન નિમિત્તેય દિવસો કાઢવાની કોઈને ફુરસદ નથી. આવ્યા-મળ્યા-કવર આપ્યું-ફોટો પડાવ્યો-જમ્યા ને ચાલ્યા - એવું થઈ ગયું છે. બધું ખર્ચાળ, બધું ઝાકઝમાળવાળું, બધું બનાવટી !

આ બધાં અંગે સમાજ—સુધારકો ને બૌદ્ધિકો ચિંતન કરે છે જ. પ્રસંગે પ્રસંગે લોકો ટીકા-ટિપ્પણીય કરે છે. કેટલાક વળી ૫-૧૦ સગાંસ્નેહીઓને લગ્ન-નોંધણી દફ્તરમાં લઈ જઈ લગ્નનું સરકારીકરણ કરી સાદાઈ સચવાયાનો સંતોષ માની લે છે. પણ બહુજન સમાજ તેથી અલિપ્ત રહી જાય છે. લગ્નના આજના વિકૃત થઈ ગયેલા સ્વરૂપને બદલી તેની સંસ્કારિતા ને પવિત્રતા જળવાય તથા તેમાં સમાજ ભળે તેવા પ્રયોગો, તેવાં નિદર્શનો કરવા માટે સૌએ આગળ આવવું જોઈએ. આ માટે ગાંધીજીની પ્રેરણાથી કાકાસાહેબ કાલેલકરે વિવાહવિધિ ઘડી છે. તેમાં વિનોબા ને કિશોરલાલ મશરૂવાળાની તેમણે સલાહ લીધી હતી. હિંદુ લગ્નવિધિ અને આશ્રમી લગ્નવિધિ એવા તેના બે પ્રકાર પણ પાડવામાં આવ્યા છે. ત્રણ રૂપિયાની આ અંગેની ચોપડી સર્વ સેવા સંઘ પ્રકાશન (રાજઘાટ, વારાણસી-૧) થી મળે પણ છે. ગુજરાતીમાં ત્રીસેક વરસો અગાઉ સાંઢાસાલ આશ્રમના શ્રી રમણભાઇ પંડ્યાએ અને હરિ ૐ આશ્રમવાળા પૂ. મોટાએ પણ લગ્નવિધિ રચી છે.

૨૬ જાન્યુઆરી ’૮૭ ને દિવસે મારા દીકરાનું લગ્ન નક્કી કર્યું ત્યારે આ બધી વિધિઓ જોઈ. પણ **તેમાં કન્યાદાનવાળી વાત ખટકી. સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતાના આ જમાનામાં ને તેમાંયે વળી ‘સાત પગલાં આકાશમાં’ લખી કુન્દનિકાબહેને સૌને ઢંઢોળ્યા પછી**



**પુરુષ-પ્રધાન સમાજમાં કન્યાદાન ને ગોર-પુરોહિત તરીકે પુરુષની જ અનિવાર્યતા કેમ સ્વીકારાય ?** વળી આજે લગ્નમાં ઉપસ્થિત રહેનારો સમાજ ફક્ત એક જ જ્ઞાતિ કે એક જ ધર્મનો જ નથી હોતો. મિત્રો-સ્નેહીઓનો બહોળો સંપર્ક જેમનો હોય તેમને ત્યાં અન્ય ધર્મના લોકો પણ આવે જ છે. તેથી વિધિમાં સર્વ-ધર્મ પ્રાર્થના પણ હોવી જોઈએ, તેમ વિચારી શાંતિસેનાની નારાયણ દેસાઈ રચિત હિંદી પ્રાર્થના ઉમેરી.

મિત્રો સાથે દિવસો સુધી ચર્ચા-વિચારણા કરી અમે બધાનો ખ્યાલ રાખી સર્વસમાવેશક, ગુજરાતી ભાષાની લગ્નવિધિ નક્કી કરી. તેની નાનીશી પુસ્તિકા જ કંકોતરી તરીકે છપાવીને સગાંસ્નેહીઓમાં તે વહેંચી. બન્ને વેવાઈઓ તરફથી આ સંયુક્ત ઈજન, આમંત્રણ હતું. આમંત્રણ ઉપરાંત લગ્ન વિષે પ્રાસંગિક ચિંતન, સર્વ-ધર્મ-પ્રાર્થના, લગ્નવિધિ તથા અંતે ગાંધીજી, વિનોબાજી, બબલભાઈ ને રવિશંકર મહારાજના લગ્નવિષયક વિચારો રજૂ કર્યા હતા. લગ્નસમયે આ પુસ્તિકા સાથે લાવી સમૂહગાનમાં ભળવાની સૂચના સૌને ગમી ને સૌ તે દિવસે તેમાં ભળ્યાયે ખરા. બધાંને ખૂબ ગમ્યું ને ઘણા-ઘણા મહાનુભાવોએ આ વિધિની સમાજમાં સ્થાપના કરવા ઇચ્છા દર્શાવી. તા. ૨-૨-’૮૭ ના ‘સંદેશ’ દૈનિકમાં ‘પ્રજાજીવનના પ્રવાહો’ની કટારમાં શ્રી રિખવદાસ શાહે ‘અનોખો લગ્નસમારંભ’ મથાળે વિસ્તૃત લેખ લખ્યો. પછી તો ગુજરાતભરમાંથી આ પુસ્તિકાની માગણી આવવા લાગી. આથી યજ્ઞ પ્રકાશન તરફથી આ પ્રકાશન કરવાનું અમે મિત્રોએ ઠરાવી, અનુભવે જરૂરી ઉમેરો કરી પુસ્તિકા તૈયાર કરી. **આ વિધિમાં બ્રાહ્મણ-પુરોહિતની અનિવાર્યતા નથી. કોઈ પણ સગાંસ્નેહી પૈકી સ્ત્રી-પુરુષ તે કામ કરી શકે છે.**

આ પ્રસંગે લગ્નવિષયક અન્ય બાબતો અંગે પણ ચિંતન કરી લઈએ. પાત્રની પસંદગી, સ્થળ-સમય, કંકોતરી, સુશોભન, સંગીત, ભોજન વગેરે ઘણી બાબતો વિચારણા માગી લે છે.

પોતાની જ જ્ઞાતિ ને પોતાનું જ ગોળ કે એકડો એક જમાનામાં

જોવાતાં. મા-બાપની સાત પેઢી સુધી ગોત્ર પણ જોવાતાં હશે. જન્માક્ષરેય મેળવાતા. આ બધું આજેય જોવાય છે. પણ બીજી બાજુ પ્રેમલગ્નોય થવા માંડ્યાં છે. ત્યાં જ્ઞાતિ તો શું ધર્મ પણ જોવાતો નથી. એટલું ખરું કે સમાન સમાજમાં ઉછરેલાં છોકરા-છોકરીમાં વિરોધ ઓછો થાય. સામાજિક-આર્થિક સમાનતા હોય તો ઉછેર ઘણે અંશે સરખો હોય. તેથી ગુણ-કર્મ-સ્વભાવની સમાનતાને જ પાત્ર-પસંદગીમાં પ્રાધાન્ય આપવું જોઈએ. જ્ઞાતિ-ધર્મનો બાધ ન ગણવો જોઈએ. આનો અર્થ એ નથી કે ભાષા, પ્રાંત, રહેણીકરણીની ભિન્નતાવાળાઓ વચ્ચે સંબંધ ન થઈ શકે. રાષ્ટ્રીય એકતા માટે ભાષા, પ્રાંત, ધર્મ, ઊંચ-નીચના ભેદ-ભાવો છતાં ગુણ-કર્મ-સ્વભાવની સમાનતાવાળા સંબંધોને પ્રાથમિકતા આપી શકાય.

**હિંદુ લગ્નો સામાન્ય રીતે દેવઊઠી અગિયારસથી દેવપોઢી અગિયારસ વચ્ચે નિશ્ચિત કરેલાં મુહૂર્તોમાં થાય છે. છતાં વિદેશી વ્યક્તિ શ્રાદ્ધ પક્ષમાંયે લગ્ન કરીને જઈ શકે છે. બ્રાહ્મણ દ્વારા અમુક જાતની પૂજા કરાવી દેવાથી સમયનો બાધ, મંગળ-અમંગળનો બાધ નડતો નથી. આની પાછળ ન સમજાય તેવી, શ્રદ્ધાપૂર્વક માની લેવાની રૂઢિચુસ્તોની દલીલ ગળે ઉતારવા જેવી નથી. તેથી બન્ને પક્ષની અનુકૂળતા જોઈ તારીખ-વાર-સમય નક્કી કરવામાં બાધ ન હોવો જોઈએ. જન્મ-મરણ જે ઈશ્વરના હાથમાં છે તેને માટે કોઈ મુહૂર્ત નથી. અમાસને દિવસે ને કાળ-ચોઘડિયે, ધનારક, પ્રદોષ, વ્યતિપાતમાંયે પરમાત્મા પોતાની કામગીરી અવિરત ચાલુ રાખે છે. તો આપણે માનવો પરમાત્માની ઉપરવટ શા માટે જઈએ ? તેથી મુહૂર્ત ને ચોઘડિયાં ને જન્માક્ષર મેળવવાની ખટપટમાંથી બુદ્ધિજીવી વર્ગ મુક્ત થઈ જાય તે જરૂરી છે. બધું જોવડાવીને થતાં લગ્નોમાં ખટરાગ ને વિચ્છેદ થતો ક્યાં નથી દેખાતો ?**

કંકોતરીમાં કાગળનો નાહકનો બગાડ ને ખર્ચ કરવા કરતાં લગ્ન નિમિત્તે લગ્નવિષયક ચિંતન, વિધિ ને મહાનુભાવોના આશીર્વાદ-



શુભેચ્છાઓ વ્યક્ત કરતી પુસ્તિકાઓ પ્રચારવાનું વધારે સારું છે. એકાદ દિવસમાં જ ઉપાડી લેવાં પડે તેવાં સુશોભનોને બદલે કાયમી ચિત્રો, રંગ-રોગાન વગેરે થાય તો બેવડો અર્થ સરે. સુશોભન સાથે વર્ષો સુધી સ્મૃતિ પણ રહે. લાઉડસ્પીકરો ઉપર ફિલ્મી સંગીતને સ્થાને મર્યાદિત વિસ્તારમાં જ પહોંચે તેવા અવાજવાળાં ભજનો, ગીતો કે સંગીતની ધૂન વગાડાય તો સારું. તેમાંયે તૈયાર કેસેટોને બદલે જીવંત કાર્યક્રમો યોજાય તો વધારે સારું.

ભોજન પણ સાદું, સુરુચિપૂર્ણ, પૌષ્ટિક કેમ ન આપી શકાય ! શુદ્ધ ઘી, ખાંડને બદલે ગોળ, બજારુ માલને બદલે ઘરનો માલ વાપરીને સુપાચ્ય, સ્વાદિષ્ટ અને પોષક વાનગીઓ આપી શકાય.

એકંદરે લગ્ન વખતે વાતાવરણ શાંત-ગંભીર-પવિત્ર હોય તે સાથે ઉલ્લાસમય પણ હોય. મજાક, ટોણાં, માઠું લાગવા-લગાડવાની વાતોને બદલે સંસ્કારી હાસ્ય-વિનોદ ન પીરસી શકાય ? ભાડૂતી ગરબા ગવડાવનારાઓને બદલે સગાં-સ્નેહીઓ પૈકીનાં જ ગાવા-બજાવવામાં ભળે તો વાતાવરણમાં વધુ આત્મીયતા આવે ને કૃત્રિમતા ઘટે.

વિધિ દરમિયાન ઘી હોમવું કે ચોખા વેરવા કેટલું વાજબી છે ? એક દીવો કરી અગ્નિની સાક્ષી ન સમજી શકાય ? ચોરીના ચારે ખૂણે માટલાં કે ધાતુનાં વાસણોની ઉતરડને કારણે દર્શકોને નડતર થાય છે. તો ચોમેરથી ખુલ્લી ચોરી સારી નહીં? દોઢેક ફૂટ ઊંચા મંચ પર ચોરી બનાવી હોય તો ચારે બાજુ બેસનારાઓને સારી રીતે દર્શન થાય. **લગ્નવિધિ ટૂંકી છતાં સૌ સમજી શકે અને ભળી શકે તેવી હોય.** પછી જ ભોજન હોય તો સૌ શાંત ચિત્તે લગ્નની ભાવનાને વાગોળી શકે.

આ અને આવું ઘણું બધું વિચારવાનું છે. આ દિશામાં આપણો સમાજ અનેક પ્રયોગો કરી વધુ ને વધુ વાસ્તવિકતા તરફ વળશે તો બાહ્યાડંબર ને ખર્ચના ધુમાડામાંથી બચશે.

આ વિધિ પૂ. શ્રી. મોટા તથા શ્રી રમણભાઈ પંડ્યા દ્વારા રચિત

વિધિમાંથી મુખ્યત્વે તૈયાર કરી છે. અમેરિકાનિવાસી સર્વોદયમિત્ર શ્રી અમરશીભાઈ ખારેચાએ ભાષા અને છંદમાં થોડો ફેર કરી આપ્યો છે. તે સૌનું ઋણ આ ટાણે સ્વીકારી પુસ્તિકા રજૂ કરીએ છીએ.

— જગદીશ શાહ

**નોંધ :-** *શ્રી કપિલ જગદીશ શાહની અનુમતિથી (તેમના કહેવા મુજબ આ પુસ્તિકાના કોઈ કૉપીરાઈટ નથી. કોઈ પણ પોતાની ઈચ્છા અને જરૂરિયાત મુજબ આમાં ફેરફાર કરી છપાવી શકે છે.) મેં આમાં થોડા ફેરફાર કર્યા છે. કેટલાક શ્લોકોના છંદ શિથિલ લાગ્યા ત્યાં જરા ઠીક કર્યા છે. પુનરુક્તિ ટાળવા કેટલાક શ્લોક રદ કર્યા છે.*

***આ બાબત વિશેષ પૃચ્છા માટે કોઈ પણ મારો સંપર્ક કરી શકે છે.***


**સરનામું :**

**પ્રદીપ ચ. સંઘવી,**
એ-૪૩, પ્રભુનિવાસ, ૫૧ મો ટી.પી.એસ.માર્ગ,
બોરિવલી (પ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન - ૨૪૯૪ ૦૭૭૧
Email : drpradips@rediffmail.com


અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દંપતી,
વિનિમય કરે નિજ રસતણો ઉર ઉર આગળ ઊઘડી,
સંસારસ્વાર્થ અભિન્ન થાતાં ભેદનું કારણ નહીં;
સ્ત્રીપુરુષની તેથી જ સહુમાં મિત્રતા ઉત્તમ કહી.
**— ગોવર્ધનરામ**



(**ઉદ્‌ઘોષક :** *હવે લગ્નવિધિ શરૂ થાય છે. સૌ પોતપોતાનું સ્થાન ગ્રહણ કરી લેશો. લગ્નવિધિની પુસ્તિકા જેઓ પોતાની સાથે લાવ્યા હોય તેઓ તે ખોલે. ગણપતિ-વંદનાથી પ્રારંભ થશે. પછી સર્વ-ધર્મ-પ્રાર્થના થશે. સંગીત-ટુકડી ઝિલાવશે તેમ સૌ ઝીલે. લગ્નપ્રસંગની પવિત્રતા અને ગંભીરતા જાળવવા શાંતિ અને એકાગ્રતા આવશ્યક છે.)*

## ગણપતિ-વંદના

વક્રમુખી, મહાકાય, તેજસ્વી સૂર્ય કોટિશા,
અમારાં શુભ કાર્યોમાં અમને પાર ઉતારજો.

## સર્વ ધર્મ પ્રાર્થના

### વૈદિક પ્રાર્થના

લે જા અસત્યસે સત્યકે પ્રતિ,
અંધકારસે જ્યોતિકે પ્રતિ,
મૃત્યુસે લે જા અમૃતકે પ્રતિ.

ચલેં સાથ ઔર બોલેં સાથ,
દિલસે હિલમિલ જિયેં સાથ,
અચ્છે કર્મ કરેં હમ સાથ,
બૈઠકે સાથ ભજેં હમ નાથ.

### તાઓ પ્રાર્થના

સદ્વ્યવહાર કરેંગે મુઝસે ઉનસે સદ્વ્યવહાર કરૂં,
દુર્વ્યવહાર કરેં ઉનસે ભી, મૈં તો સદ્વ્યવહાર કરૂં,
દુર્જનકો સજ્જન કરનેકા સદાચાર ઉપચાર હૈ,
દ્વેષ, ક્રોધકો પિઘલાનેકા સહી તરીકા પ્યાર હૈ.

## જૈન પ્રાર્થના

ક્ષમા મૈ ચાહતા સબસે, મૈ ભી સબકો કરૂં ક્ષમા,
મૈત્રી મેરી સભીસે હો, કિસીસે વૈર હો નહીં.

## બૌદ્ધ પ્રાર્થના

જીતો અક્રોધસે ક્રોધ, સાધુત્વસે અસાધુતા,
કંજૂસી દાનસે જીતો, સત્યસે જૂઠવાદિતા.
વૈરસે ન કદાપિ ભી, મિટતે વૈર હૈં કહીં,
મૈત્રી હી સે મિટે વૈર, યહી ધર્મ સનાતન.

## મુસ્લિમ પ્રાર્થના

દયાવાનકો કરૂં પ્રણામ, કૃપાવાનકો કરૂં પ્રણામ,
વિશ્વ સકલકા માલિક તૂ, અન્તિમ દિનકા ચાલક તૂ,
તેરી ભક્તિ કરૂં સદા, તેરી પૂજા કરૂં સદા.

દિખા હમેં તૂ સીધી રાહ, તેરી જિનપર રહમ-નિગાહ,
ઐસોંકી જો સીધી રાહ, દિખા હમે વહ સીધી રાહ.

જિનપર કરતા તૂ હૈ ક્રોધ, ભ્રૂમિત હુએ, યા હૈ ગુમરાહ,
ઉનકે પથકા લૂં નહીં નામ, દયાવાનકો કરૂં પ્રણામ.

## ઈસાઈ પ્રાર્થના

શાંતિકા વાદ્ય બના તૂ મુઝે, પ્રભુ, શાંતિકા વાદ્ય બના તૂ મુઝે.

હો તિરસ્કાર જહાં કરૂં નેહ, હો હમલા તો ક્ષમા કરૂં મૈં,
શાંતિકા વાદ્ય બના તૂ મૂઝે, પ્રભુ, શાંતિકા વાદ્ય બના તૂ મુઝે.



હો જહાં ભેદ, અભેદ કરૂં, હો જહાં ભૂલ, મૈં ઠીક કરૂં,
શાંતિકા વાદ્ય બના તૂ મુઝે; પ્રભુ, શાંતિકા વાદ્ય બના તૂ મુઝે.

હો સંદેહ વહાં વિશ્વાસ, ઘોર નિરાશ વહાં કરૂં આશ.
શાંતિકા વાદ્ય બના તૂ મુઝે; પ્રભુ, શાંતિકા વાદ્ય બના તૂ મુઝે.

હો અંધિયાર વહાંપે પ્રકાશ, હો જહાં દુઃખ ઉસે કરૂં હ્રાસ,
શાંતિકા વાદ્ય બના તૂ મુઝે; પ્રભુ, શાંતિકા વાદ્ય બના તૂ મુઝે.

## સિખ પ્રાર્થના

એક ઓમ્કાર સતનામ,
કરતા પુરખ નિરભઉ નિરવૈર,
અકાલ મુરત
અજૂની સૈભં ગુરુ-પ્રસાદી,
આદી સચ જુગાદી સચ,
હૈ ભી સચ નાનક હોસી ભી સચ.

## એકાદશ-વ્રત

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગ્રહ,
શરીરશ્રમ, અસ્વાદ, સર્વત્ર ભયવર્જન,

સર્વધર્મ-સમાનત્વ, સ્વદેશી સ્પર્શભાવના,
વિનમ્ર વ્રતનિષ્ઠાસે યે એકાદશ સેવ્ય હૈં.
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

**ઉદ્‌ઘોષક :** *હવે કન્યાનો લગ્નમંડપમાં પ્રવેશ થશે. આ સાથે મંગલાષ્ટકનું ગાન થશે. સહુ સ્વજનોના અંતરનાં આશીર્વાદ-શુભેચ્છા વ્યક્ત કરતું આ અષ્ટક સહુ શાંતિથી સાંભળે.*

## મંગલાષ્ટક

જે સંબંધ પરસ્પરે દિલ થયો પ્રેમેથી નિભાવજો,
ચાહી એક બીજા પરે હૃદયથી ને ત્યાગથી શોભજો.
પોતાનાથી વધુ મહત્ત્વ જીવને દેજો બીજાને ચહી,
સ્હેજો એકબીજાતણું ઉમળકે ઓછું ન લાવી કદી. ૧

સાચું જીવનસખ્ય લગ્નમહીં જે તે સાધવાને તમે,
સાથે આજ ભરો જ સાત પગલાં શ્રી ઈશ સાંનિધ્યમાં.
અર્પી સ્હાય સદાય જીવનમહીં અન્યોન્યના ધર્મમાં,
પામી મંગલ શ્રેય સખ્યનું તમે રે'જો સદા સાથમાં. ૨

જેનો હાથ ગ્રહો અહીં સહુતણી ને અગ્નિની સાક્ષીમાં,
તેનામાં થવું ઓતપ્રોત, જીવવું તે પ્રેમની મસ્તીમાં.
એને કાજ જીવી સમર્પિત થવું એના પદે સર્વદા,
એવું જીવનધ્યેય ધારી જીવતાં છે નિશ્ચયે મંગલ. ૩

જોડાતા કર બેઉ આજ જગમાં અદ્વૈત આરાધવા,
આત્માના અમી સીંચીને વિકસજો પામી તમે એકતા.
ઝંખે બે ઉર આજ એક બનવા, સંલગ્ન પ્રેમે બને,
વિશ્વે જે રસ પ્રેમનો વહી રહ્યો તે પ્રેમ પામો તમે. ૪

તાલે તાલ મિલાવજો જીવનમાં શ્રીશ્રેયને પામવા,
જુદાં તો ય સદાય એક બનજો સંપૂર્ણતા સાધવા.
છે આ વિશ્વ સમસ્ત એક બનવા, એ કાજ સંસાર છે,
એ હેતુતણું જ્ઞાન ધ્યાન જીવતું રાખી લહો મંગલ ૫

સર્વે ધર્મમહીંય શ્રેષ્ઠ જ કહ્યો ગાર્હસ્થ્યના ધર્મને,
કેવો ભોગ-વિયોગ-યોગ સહુનો સંયોગ તેમાં મળે !
એવી જીવનની અમૂલ્ય તક જે આજે તને સાંપડે,
તેનો તું ઉપયોગ યોગ્ય કરીને સૌનું કરો મંગલ. ૬



કેવો માનવલગ્નમાં ગહન, ઊંચો, ભવ્ય હેતુ વસે !
થાવું બે થકી એક તે થકી સદા આનંદમાં જીવીને,
હેતુ જીવનની પૂરો કરી સદા લીલા પ્રભુની બને,
જોવી, માણવી, રાચવું નીરખીને હંમેશ શ્રીઈશને. ૭

આ સંસાર લીલા અવ્યક્ત હરિની, તેમાં છુપાઈ ઊંડું,
પોતે આપશું આપ ખેલ રમતો, જાણે ન કોઈ કશું;
જેને ભક્તિ અને ભગીરથ તપે સંતો હૃદે પામતા,
એવા શ્રીહરિ, સંત, જ્ઞાનીજનના વરસો સદા મંગલ ૮

## અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના

**(ઉદ્‌ઘોષક :** *આ શ્લોક સાથે અગ્નિ પ્રગટાવવામાં આવશે.)*

અગ્નિ પ્રત્યક્ષ છે શક્તિ, પ્રકાશ પ્રગટાવતો,
અગ્નિ તો સર્વને શુદ્ધ ને પવિત્ર બનાવતો.

**(ઉદ્‌ઘોષક :** *આ શ્લોક સાથે મધુપર્કની આપ-લે થશે.)*

સદાકૃપાળુ ભગવાન, સૌને વાયુ હમેશા મધુપુષ્ટ થાઓ.
વર્ષા, નદી, સાગર સૌ જળાશયો સર્વે જીવોને સુખરૂપ થાઓ.
આ વિશ્વની સર્વ વનસ્પતિઓ આરોગ્યકારી, મધુપૂર્ણ થાઓ.
આ સૂર્ય, તારા, શશિ, પૃથ્વીમાતા, રાત્રિ-દહાડા, પશુપંખીઓ સૌ
સમગ્ર સૃષ્ટિ સચરાચરા આ, મધુપુષ્ટ થાઓ, મધુપૂર્ણ થાઓ.

સત્ય, શીલ, યશ, શ્રદ્ધા અમારામાં સદા રહો,
પ્રભુનાં સર્વ ઐશ્વર્યો અમારામાં સદા રહો,

(**ઉદ્‌ઘોષક** : *માતાપિતાની મંગલભાવનાનું ગાન થશે.*)

## માતાપિતાની મંગલભાવના

પોતાનાં અંગ જાણીને ઉછેર્યાં જેમને સદા,
સંતાનો ભાવથી તે તે લગ્ન યજ્ઞે સમર્પિત.

વિદ્યાકેરા અલંકારે સંતાનો છે વિભૂષિત,
એ જ સાચા અલંકારો, બાકી તો નાશવંત છે.

સંગાથે એકબીજાના ભાવથી પ્રેમજીવને
યજ્ઞ જીવનકેરો આ આદર્યા કરજો તમે.

ક્રાંતિને પ્રેરનારું તે જીવવું જીવવું ગણો,
ઉત્ક્રાંતિ જિંદગીકેરી કાજે લગ્ન પ્રમાણજો.

કામના પોષવા કાજે લગ્ન તે લગ્ન ના હજો,
વૃત્તિ સમર્પવા કાજે લગ્નનો હેતુ જાણજો.

બંને આજ થતાં એક, એક ભાવથી જીવજો,
એકબીજા થકી બંને સદ્વર્તનથી શોભજો.

(**ઉદ્‌ઘોષક** : *હવે વર-કન્યા એકબીજાને માળા પહેરાવશે. ત્યાર બાદ વર-કન્યાનો હસ્તમેળાપ થશે. તે પછી માતાપિતા દ્વારા* ***વસ્ત્રદાન*** *થશે. પ્રથમ વરનાં માતાપિતા કન્યાને વસ્ત્રદાન કરશે. ત્યાર બાદ કન્યાનાં માતાપિતા વરને વસ્ત્રદાન કરશે. તે સાથે ઉપસ્થિત જનો વર-વધૂને અક્ષતથી વધાવશે.*)



## કન્યાદાન (વૈકલ્પિક)

(**ઉદ્‌ઘોષક** : *હવે પછીના શ્લોકો સાથે કન્યાનાં માતા-પિતા કન્યાદાન કરશે.*)

અમારી હેમ-કન્યાને - શીલ-વિદ્યા-વિભૂષિતા -
ઈશ્વર, સર્વ જીવોની સાક્ષીએ અર્પીને અમે.
આપને આપવાથી એ અમારી મટતી નથી,
તે જ રીતે તમે પુત્ર ! અમારા થાવ સર્વદા.

(**ઉદ્‌ઘોષક** : *લગ્ન-ભાવનાના દરેક શ્લોકને અંતે વર-કન્યા આહુતિ આપશે.*)

### લગ્ન-ભાવના

હાજરીમાં વડીલોની પ્રતિજ્ઞા લઈએ અમે,
યજ્ઞ આ જિંદગીકેરો સાથે આચરશું અમે.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૧

જિંદગીકેરું જાણીને અનોખું મૂલ્ય જીવને.
યજ્ઞની ભાવના પ્રેર્યાં માંડીશું ડગલાં અમે.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૨

આહુતિ વૃત્તિઓકેરી સમર્પ્યા કરીએ સદા,
સંયમે જિંદગી-પુષ્પ વિકસાવીશું પ્રેમથી.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૩

વ્રત આ જિંદગીકેરું સહેલું છે ન પાળવું,
જાણીને-સમજીને તે બંને જોડાઈએ છીએ.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૪

ભોગવાઈ જતાં પ્રેમભાવ તો ઊડી જાય છે
અને સમર્પણે પ્રેમ વધુ ને વધુ વિસ્તરે.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૫

પ્રેમના ભાવનું જ્ઞાન કેળવી કેળવી હૃદે,
ચાહી ચાહી અમે બંને ઊડીશું સાથ જીવને.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૬

ડગલાં સાત તો સાથે ચાલ્યાથી મિત્રતા સ્ફુરે,
સાંસારિક ભૂમિકામાં વર્તીશુ એમ આખરે.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૭

માણવા, મ્હાલવા કાજે જિંદગીકેરું મૂલ્ય શું ?
જિંદગી તપને અર્થે, તે ભાવ નહિ ભૂલશું.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૮

ગુલાબ કેરું સૌંદર્ય નર્યું ના ભર્યું જીવને,
કાંટાયે સાથ છે જાણી જોડાઈએ અમે સુખે.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૯



સુખ-દુઃખ અને શોક, હર્ષાદિ સર્વ વૃત્તિઓ
સમભાવે સહેવાને મળીએ આજ જીવને.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૧૦

મહત્ત્વ આપી સાથીને, મિટાવી દઈ જાતને,
ત્યાગની ઉન્નતિ માટે જોડાઈએ પરસ્પર.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૧૧

પ્રેમ ના ભોગવી જાણે, ચાહીને આપવું જાણે,
ભાવ ખીલવવાને તે આજે જોડાઈએ અમે.
અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, અર્પીએ આહુતિ દિલથી અમે. ૧૨

*(**ઉદ્‌ઘોષક :** હવે વર-વધૂ ઊભાં થશે અને જીવનવ્રતની પ્રાર્થના થશે ત્યાં સુધી તેઓ ઊભાં રહેશે.)*

## જીવનવ્રતની પ્રાર્થના

બંને આચરશું સાથે વ્રત જીવનનું અમે,
અમે ઉભય જીવીશું પ્રેમથી જ પરસ્પરે. ૧

બંને એક થઈ જાશું ચાહશું એકમેકને,
ચાલશું સાથમાં બંને આનંદે જીવનપથે. ૨

માલિકીભાવ છોડીએ, એકબીજાપરે કદી
વિચારોનો બળાત્કાર સ્વપ્નેયે કરીએ નહિ. ૩

પ્રશ્ન અટપટા જાગ્યે ઓથ એકબીજાં તણી
લઈને દિલથી સાથે ઉકેલાજો અમો થકી. ૪

ઉપાધિ, વિઘ્ન, મુશ્કેલી સામે ના હારશું કદી,
મિલાવીને ખભા સાથે ખભા રે'શું અમે ટકી. ૫

લગ્ન આ દેહનું ના છે, લગ્ન છે હ્રદયોતણું,
જોડાઈએ સમક્ષે સૌ શુભેચ્છાશિષ પામવા. ૬

જિંદગી જીવવા સાચી સદ્બુદ્ધિ જાગજો હ્રદે,
પ્રાર્થના કરીને એવી આજે જોડાઈએ અમે. ૭

**(ઉદ્‌ઘોષક :** *હવે સપ્તપદીના શ્લોકોનું પઠન થશે. સાથે સાથે વર-કન્યા શાંતિપૂર્વક ચાર ફેરા ફરશે. પહેલા ત્રણ ફેરા (જે ધર્મ, અર્થ અને કામ સૂચવે છે) માં કન્યા આગળ રહેશે. છેલ્લો ફેરો (જે મોક્ષ સૂચવે છે) તેમાં વર આગળ રહેશે.)*

## સપ્તપદી

પ્રભુએ શક્તિને કાજે સમર્પ્યાં આજ બેઉને,
પ્રભુકેરી કૃપા સાથે ગતિમાં પગલું ભરો. ૧

તેજસ્વિતા વધો બેની, ધ્યાન, અભ્યાસ, જ્ઞાનથી,
ધર્મ-ધીર પુરુષાર્થે ગતિમાં પગલું ભરો. ૨

ધર્મ-ધીર પુરુષાર્થે ધનાદિ ઐશ્વર્યો મળો.
ઐશ્વર્યે નમ્રતા ધારી ગતિમાં પગલું ભરો. ૩

પ્રસન્ન ચિત્ત ઐશ્વર્યે દ્વેષ, ક્લેશ મટે વૃથા,
સર્વની ઉન્નતિ માટે ગતિમાં પગલું ભરો. ૪

બલિષ્ઠ, પરમાર્થી ને શુદ્ધ જન્મો પ્રજા, પ્રભો !
સર્વથા શ્રેયને કાજે ગતિમાં પગલું ભરો. ૫

ઋતુઓ, નિયમો માટે છઠ્ઠું પગલું ભરો ભરો,
નિયમોને વશે રહીને, ગતિમાં પગલું ભરો. ૬



સાતમું પગલું તેમાં સખ્ય અને સમાનતા,
બંને પ્રસન્નતા માટે પ્રભુતામાં પળો સદા! ૭

## વસિષ્ઠ-અરુંધતી-દર્શન

*ઉદ્‌ઘોષક : હવે નવદંપતી આદર્શ દંપતી શ્રી વસિષ્ઠ-અરુંધતી નાં દર્શન કરીને જીવનયાત્રામાં તેમને અનુસરવાનો સંકલ્પ કરશે.*




**સપ્તર્ષિ-અને ધ્રુવમત્સ્ય**

## મંગલધૂન

શુભ મંગલ હો, શુભ મંગલ હો,
શુભ મંગલ, મંગલ, મંગલ હો,
નભ મંગલ, ધરતી મંગલ હો,
ધરતીકા કણ કણ મંગલ હો.
ગતિ મંગલ હો, સ્થિતિ મંગલ હો,
જીવનકા ક્ષણ ક્ષણ મંગલ હો,
માનવકી હર કૃતિ મંગલ હો.

## શાંતિમંત્ર

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(**ઉદ્‌ઘોષક :** *આ સાથે લગ્નવિધિ પૂરો થાય છે. હવે નવદંપતી વડીલોને પ્રણામ કરી આશીર્વાદ મેળવશે.*)

### કન્યાને પિતૃગૃહે વળાવતી વેળાએ

હો પદ્મિની-નીલસરે તુજ વાટ રમ્ય,
હો સહ્ય ગાઢ તરૂથી રવિરશ્મિ તાપ,
હો રેણુ ત્યાં કમલની કુમળી રજોની,
હો વાયુ શાંત, અનુકૂલ શિવ પ્રવાસ.

**કાલિદાસ** **અનુ. ડોલરરાય માંકડ**

## દંપતીરૂપે સાચો વિવાહ

વિવાહનો સર્વશ્રેષ્ઠ અને પરમ ઉદ્દેશ પરસ્પર સમાનતાવાળા સખ્યનો છે. ઉષા રોજ રોજ આવવા છતાં જેમ પોતાની પ્રસન્નતા જાળવી રાખે છે તેમ વિવાહમાં પણ નવાં નવા આકર્ષણો અને નવાં નવાં સમાધાન અખંડ મળ્યા જ કરે છે. આવી નિત્યનૂતનતા, પ્રસન્નતા અને જીવનની શાંતિ જે સંબંધમાંથી પ્રાપ્ત થાય છે તે સંબંધ જ સાચો વિવાહ છે. વિવાહસંબંધ આદિ, મધ્ય અને પરિણતિ- ત્રણેય સ્થિતિમાં સુખમય, શાંતિમય અને કલ્યાણમય કરી શકાય છે.

**— કાકાસાહેબ કાલેલકર**



## દાદાના આશીર્વાદ

લગ્ન એ સંસ્કાર છે. એમાં પ્રેમ, પવિત્રતા અને ત્યાગનું પ્રાધાન્ય છે. લગ્નમાં સુખ મેળવવા કરતાં સુખ આપવાનો વિચાર રહેલો છે. એટલે જેની સાથે લગ્નગ્રંથિથી જોડાઈએ, એની પાસેથી સુખ મળશે એવી આશા રાખ્યા કરતાં હું એને સુખી કરીશ, એવી ભાવનાથી લગ્ન કરવું જોઈએ. આમ થાય તો કદી દુઃખ ભોગવવા વારો આવે નહીં.

લગ્ન એટલે જ્ઞાનપૂર્વક શુદ્ધ પ્રેમનું સમર્પણ. તમે એકબીજાની શાંતિ માટે તમારું સર્વસ્વ અર્પણ કરજો; જેથી તમારાં શરીર જુદાં દેખાવા છતાં એક જ હોય. તમારાં વાણી, વિચાર અને વર્તન એક જ હોય. જુદી જુદી નદીઓનાં પાણી ભેગાં થાય છે ત્યારે ઓળખાતાં નથી તેમ તમારાં કાર્યો જુદાં છે એમ તમને પણ ન દેખાય એ રીતે વર્તજો.

તમારું એકેએક કાર્ય સાથે વિચારેલું અને સુખદુઃખ જ્ઞાનપૂર્વક ભોગવેલું હોવું જોઈએ. સંજોગવશાત્ જે સ્થિતિ પ્રાપ્ત થાય તેમાં રસપૂર્વક સાથે રહેતાં શીખજો. સુખ માટે બહાર ફાંફાં નહીં મારતાં અંદર શોધજો અને આવતી આપત્તિ ટાળવા નૈતિક દષ્ટિએ પુરુષાર્થ કરજો.

સત્કાર્યો અને સજ્જનોનો સહવાસ શોધજો. એ હંમેશા સુખકર નીવડે છે. શુદ્ધ શારીરિક શ્રમ સાથે જીવનવહેવાર કરકસરથી કરતાં જરૂરિયાત ઘટે છે. ઓછી જરૂરિયાતો જ જીવનમાં શાંતિ આપે છે.

ધનની લાલસા વધારશો નહીં; છતાં પુરુષાર્થ કરવામાં પ્રમાદ ન સેવશો. હસતે મોઢે મર્દાઈથી જીવજો.

જીવનમાં ગૂંચ પડે તો ઉકેલજો, તોડશો નહીં. તૂટેલી ગૂંચ કદાચ સંધાય ખરી પણ વચ્ચે ગાંઠ રહી જાય છે.

આજનો આ પવિત્ર દિવસ યાદ રાખી શુદ્ધ પ્રેમની મૂડી વધારજો. સાંસારિક ભોગો ભોગવવામાં સંયમ સેવજો.

પ્રભુ તમારાં શુભ કાર્યમાં રસ પૂરો !

**— રવિશંકર મહારાજ**

## લગ્ન

તમે બંને સાથે જન્મ્યાં (દંપતીરૂપે) અને સદાને માટે સાથે જ રહેશો. હિમ શી મૃત્યુની પાંખો તમારો યોગ તોડી નાખે ત્યારેય તમે સાથે જ રહેવાનાં. સાચે જ, પરમેશ્વરની શાંત સ્મૃતિમાંય તમે સાથે જ રહેશો. તો યે તમારા સહવાસમાં થોડા ગાળા પાડજો. તમારી વચ્ચે આકાશના વાયુઓને વિહરવા દેજો. તમે પરસ્પર ચાહજો ખરાં, પણ તમારા પ્રેમને બેડી ન બનાવજો. તમારા બેઉના આત્મારૂપી કાંઠાઓની વચ્ચે, ઘૂઘવતા સાગર જેવો એને રાખજો. તમે એક-બીજાની પ્યાલીઓ ભરી દેજો; પણ બેઉ એક જ પ્યાલી મોઢે માંડશો નહિ. જેમ વીણાના તાર એક જ સંગીતથી કંપતા છતાં પ્રત્યેક છૂટા જ રહે છે, તેમ તમારાં હ્રદયો એક બીજાને અર્પજો; પણ એકબીજાના તાબામાં સોંપશો નહિ. કારણ, તમારાં હ્રદયોનું આધિપત્ય તો કેવળ જગન્નિયંતાનો હાથ જ લઈ શકે. બંને સાથે જ ઊભાં રહેજો, પણ સાવ અડોઅડ નહિ. જુઓ, મંદિરના થાંભલા અલગ અલગ જ ઊભા રહે છે અને દેવદાર તથા સાગ એકબીજાની છાયામાં ઊગતાં નથી.

**— ખલિલ જિબ્રાન**

## લગ્નવિધિનો અર્થ સમજવો જોઈએ

આજકાલ હિંદુ સમાજમાં લગ્નવિધિ જે રીતે થાય છે તેમાં ધર્મ ઓછો હોય છે અને વિલાસ વધુ હોય છે. જેમનાં લગ્ન થાય છે તેમને ખબર નથી પડતી કે વિધિમાં શું થાય છે, એનો અર્થ શો છે અને લગ્ન કરનારનો શો ધર્મ છે ! આ બહુ ખેદની વાત છે. વેદમાં લગ્નને ધાર્મિક કાર્ય ગણવામાં આવ્યું છે અને એનો વિધિ પણ બતાવેલો છે. લગ્નકાર્ય એને અનુરૂપ હોવું જોઈએ. માતાપિતા અને ગુરુજનોનો એ ધર્મ છે કે તેઓ વરવધૂને લગ્નધર્મ સમજાવે અને લગ્નવિધિનો અર્થ સ્પષ્ટ કરી બતાવે. દેહ દ્વારા આધ્યાત્મિક મિલન એ લગ્નનો આદર્શ છે. માનવીય પ્રેમ દૈવી અથવા વિશ્વપ્રેમને પામવાનું સોપાન છે.

— મહાત્મા ગાંધી



## ગૃહસ્થાશ્રમ - સત્ય + સેવા + સંયમ

હિંદુ ધર્મને હું જાણું છું તે મુજબ તેમાં કામ-વાસનાને ઘૃણિત માની નથી, નથી તેને દબાવવામાં આવી. પણ વાત તેનાથી બિલકુલ ઊલટી છે. ધર્માર્થકામાઃ સમમેવ સેવ્યાઃ - ધર્મ, અર્થ, કામ એ ત્રણે પુરુષાર્થોનું સમાન સેવન કરવું જોઈએ. ધાર્મિક બનવા માટે પત્નીને સાથે રાખી વ્યવહાર કરવાનો હોય છે. અર્થ-પ્રાપ્તિમાંયે સમાન વ્યવહાર કરવાનો છે. એટલે કે જે ઉદ્યોગમાં તમે પડ્યા હો તેની તાલીમ પત્નીને પણ આપવી જોઈએ. તે જ પ્રમાણે કામમાં પણ સમાન વ્યવહારની વાત કહી છે.

સંસ્કૃતમાં ઘરને **'દમ'** કહે છે. ખરેખર તો ઘર એટલે એવું સ્થાન, જ્યાં ઇન્દ્રિયોનું દમન થાય છે. દંપતી શબ્દનો અર્થ પણ તે જ છે.

લગ્ન એટલે સત્ય **+**સંયમ **+**સેવાભાવ.

ગૃહસ્થાશ્રમ માટે મારું આ નાનું શું સૂત્ર છે : ગૃહસ્થાશ્રમ બ્રહ્મચર્યનો અભ્યાસ કરવા માટેની એક પાઠશાળા છે. ગૃહસ્થાશ્રમમાં કોઈ એક હ્રદયની સાથે એકરૂપ થવાનો મહાવરો પડી જશે તો પછી વિશ્વહ્રદય જીતવાની ચાવી જડી જશે.

**— વિનોબા**



જે અદ્વૈત સુખે દુઃખેય, સરખું સર્વે અવસ્થા મહીં,
વિસામો ઉરનો , શકે નવ હરી વૃદ્ધત્વ જેનો રસ,
ને સૌ આવરણો સર્યે કદી થતું જે સ્નેહસારે સ્થિર-
સદ્‌ભાગી જનને ક્યમેય વિરલું કલ્યાણ તે લાધતું.

**ભવભૂતિ** **અનુવાદ - ઉમાશંકર જોશી**



ઉન્નતિપથ - STEPS OF LIFE ચિત્રકાર : કનુ દેસાઈ

હવે આ નિર્ભય યુગલ જીવનયાત્રાનાં અનંત પગથિયાં ચઢવાને તૈયાર છે. જ્યાં એકબીજાનો આધાર છે, એકબીજાની પ્રેરણા મળે છે, ત્યાં ગમે તેવો પવન વાય તો યે પગ આડોઅવળો પડવાનો નથી. ઊંચે ને ઊંચે એ ચઢતાં જ જવાનાં અને પોતાની પાછળ સુવાસિત પુષ્પો મુકતાં જ જવાનાં.

**– કાકાસાહેબ કાલેલકર**

Printed & Designed by : **HEMA ARTS,** 121, Prabhat Ind. Estate, Sagar Bldg., Dahisar Checknaka, Mumbai - 400 068. Tel. 2896 8221 Mob: 98192 89609